જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૮/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૬૧૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૫૦ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૧૫૯ લીટર દેશી દારૂ, ૩૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ બીયરટીન, ૦૨ સ્કુટર અને ૦૨ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૫૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૧૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૬૧૪/૧૭

**સોલા હાઇકોર્ટ :** ભુષણભાઇ શીવકુમાર દુબે (રહે,સિલ્વર સ્પ્રીંગ બંગ્લોઝ શુકન પેલેસ પાછળ સોલા) એ તા.૦૯/૦૮/૧૭ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૪/૨૦૧૪ થી તા.૨૭/૦૯/૨૦૧૪ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) તેજસ કિરણકુમાર ત્રીવેદી અને (૨) નિશાંત મુકેશકુમાર શાહ (રહે,વર્ધમાન સોસાયટી, ભુજ) એ ભેગામળી ભુષણભાઇને વિશ્વાસમા લઇ, તેમની કોર્પોરેશન કંપનીનો કુલ ૩૬,૯૧,૧૨૦ ટન કોલસો જેની કુલ કિંમત રૂપિયા ૧૨,૮૩,૧૮,૭૯૪/- મતાનો મેળવી લઇ તે પેટે રૂપિયા ૪,૧૬,૬૭,૨૦૨/- પરત આપ્યા બાદ બાકી નીકળતાં રૂપિયા ૮,૬૬,૫૧,૫૯૧/- નહી ચૂકવીઆપી, ભુષણભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.એલ.સોલંકી ચલાવે છે.

**રખિયાલ :** કવિતાબેન વા/ઓ રજનીકાંત ગોહેલ (ઉ.વ.૫૦)(રહે.રોયલ હાઉસ ગોમતીપુર) એ તા.૯/૮/૧૭ નારોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે સાડા ચાર માસ અગાઉથી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી(૧) સુરેશભાઇ (૨) શીવકુમાર રાજારામ રાઠોડ (૩) અશોકભાઇ કાંતીલાલ ચુડાસમા(૪) એક અજાણી મહીલા એ ભેગામળી કવિતાબેનનાં દિકરા જયદીપને લોન અપાવવા માટે વાત કરી, વિશ્વાસમાં લઇ પહેલા રૂપિયા ૩૦,૦૦૦/- તથા બીજી વાર રૂપિયા ૭૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૫,૦૦૦/- કવિતાબેન પાસેથી મેળવી લઇ, કવિતાબેનને બંધ એકાઉન્ટનો ચેક આપી લોન નહી અપાવી તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જે.ચૌધરી ચલાવે છે.

નજર ચુકવી ચોરી :- સમાચાર યાદી નં.૧૬૧૫/૧૭

**જી.આઇ.ડી.સી.વટવા :** હનુભાઈ ભીમાભાઈ રબારી (ઉ.વ.૬૦)(રહે,જુની રબારી વસાહત જશોદાનગર જીઆઈડીસી વટવા) એ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૮/૨૦૧૭ ના કલાક ૧૧/૩૦ વાગ્યાનાં સુમારે જીઆઈડીસી વટવા સીન્ડીકેટ બેંક, રુદ્રાક્ષ કોમ્પલેક્ષ અન્નપુર્ણા હોટેલ સામે પોતાની મોટર સાયકલના હુકમાં ભરાવેલ પ્લાસ્ટીક ની થેલીમાં મુકેલ રૂપીયા ૨,૫૦,૦૦૦/- તથા બીજા કોરા ચેક, રિટાયર્ડમેન્ટનાં અગત્યના કાગળો તેમજ બેંકની પાસબુક હનુભાઇની નજર ચુકવી કોઇ અજાણી વ્યક્તિ લઈ પલાયન થઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી વી.એન.વાઘેલા ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુ:- સમાચાર યાદી નં.૧૬૧૬/૧૭

**વાડજ :** લક્ષ્મીબેન વા/ઓ હિતેશભાઈ કનુભાઈ દંતાણી રહે. ચંદ્રભાગાનો ખાડો સ્મશાન ગૃહ સામે વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૮/૧૭ રાતનાં ૮/૩૦ વાગ્યાના સુમારે જુનાવાડજ શ્મશાન ગુહ અને દશામાના મંદિર સામે આવેલ ત્રણ રસ્તા પાસેથી પોતાના સસરા કનુભાઈ વિરમચંદભાઇ દંતાણી નાઓ ચાલતા ઘર તરફ આવતા હતા દરમ્યાન અજાણ્યા કાર ચાલકે પોતાના કબ્જાની કાર પુરઝડપે અને બેદરકારીભરી રીતે ચલાવી લાવી કનુભાઇને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરતાં સારવાર દરમ્યાન તા.૯/૮/૧૭ સવારનાં ૭/૫૦ વાગે કનુભાઇનું મૃત્યુનિપજ્યુ હતુ. આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જ્યંતિભાઈ રામજીભાઈ ચલાવે છે.

આત્મહત્યા :- સમાચાર યાદી નં.૧૬૧૭/૧૭

**માધવપુરા :** ઈશ્વરભાઈ બેબાભાઈ પરમાર (ઉ.વ.૬૫)(રહે.કે.કે.પરમારની ચાલી, રામાપીરનો ટેકરો જુના વાડજ) નાઓ લાકડાનો ધંધો છેલ્લા ઘણા સમયથી બરાબર ચાલતો ન હોય, ડિપ્રેસનમાં રહેતા હોય તા.૦૯/૦૮/૧૭ ના કલાક ૧૨/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ફતેસિંહ આદિયાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.